SUNGRACE SCHOOL

WALK IN INTERVIEW

Date : 11 May Monday 2026 **TIME :** 8:00AM to 12 PM

For English Medium & Gujarati Medium

Applications are invited from qualified, passionate, and Dedicated educators to join our reputed institution

SUBJECT	MEDIUM	DEPARTMENT/SECTION	ELIGIBILITY
Languages (English, Hindi, Gujarati)	English & Gujarati Medium	Primary, Secondary & Higher Secondary (Std. 1 to 12)	• Graduate/Postgraduate in relevant subject • B.Ed. preferred (where applicable) • Strong communication skills and subject expertise • Passion for teaching and students' development
Science & S.S	English Medium	Upper Primary (Std. 6 to 8)	
Accountancy & Statistics	Gujarati Medium	Higher Secondary (Std. 11 & 12)	

ADDITIONAL DETAILS
- Minimum 1-2 years of experience preferred (Freshers may also apply)
- Attractive Pay with Career Advancement Opportunities
- 2 Passport size photographs
- Bring the Original documents along

ADDRESS: Sungrace Vidyalaya, Sardar Patel Road No. 2, Near Udyog Nagar, Udhna, Surat. Contact No. 7801924085

જાહેર ચેતવણી

અમો નીચે સહી કરનાર નવનીતભાઈ વાઘજીભાઈ પિત્રોડા આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે આ ફોટાવાળો અમારો પુત્ર વિવેક નવનીતભાઈ પિત્રોડા રહે. એ-૨,૩૦૨, ઓમ રેસીડન્સી, ખડસદ, વાવ કઠોદરા, સુરત.ના ઓ અમારી સાથે રહેતા નથી અમારાથી અલગ થઇ ગયેલ છે અને અમારા કહ્યામાં નથી અને અલગ ધંધો કરે છે અમારી સાથે કોઈપણ આર્થિક, સામાજીક વ્યવહારો છે નહી કે રાખેલ નથી અને તેની સાથે અમારે કોઇપણ જાતના વ્યવહારો છે નહીં, જેથી તેની સાથે કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક એ પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક વ્યવહાર કરવો નહી. તેમ છતા કોઇ વ્યકિત કે સંસ્થા કે બેંક એ પૈસાની લેતી દેતી કે આર્થિક કે સામાજીક વ્યવહાર કરશે તો તેની વ્યકિતગત જવાબદારી તેની રહેશે. અમોએ અમારા પુત્રને અમારી તમામ મિલકત તથા અમોની વડિલોપાર્જીત મિલકત માથી બે દખલ કરેલ છે. તેની લાગતા વળગતાએ તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

(નવનીતભાઇ વાઘજીભાઈ પિત્રોડા)
મો.નં. ૯૦૯૧૭૯૯૯૧૫

મારી મારફતઃ મુકુંન્દ વી.રામાણી (એડવોકેટ)
ઓ.એડ્રેસઃ ૩૦૧, નીલકંઠ પ્લાઝા, કિરણ ચોક, પુણાગામ,સુરત. મો. ૯૦૯૯૯૮૯૯૨૪, ૯૯૧૩૬૫૪૭૦૯

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકે **પલસાણાના મોજે ગામ સોયાણી ના રે.સ.નં.- ૨૭૬ જેનો બ્લોક નં.- ૩૦૭/બ જેનો ખાતા નં.- ૧૦૩૮, આકાર રૂા.-૨૦.૬૫ પૈસા થી નોંધાયેલી હે.આરે. ૧-૫૨-૨૬ ચો.મી. ધરાવતી જુની શરત ખેતીની જમીનના માલિક (૧) મનસુખભાઈ તે રમણભાઈ જેરામભાઈ પટેલનો પુત્ર, (૨) ચંદ્રકાંત તે રમણભાઈ જેરામભાઈ પટેલનો પુત્ર, (૩) બળવંતભાઈ તે રમણભાઈ જેરામભાઈ પટેલનો પુત્ર, (૪) હેમલતા ઉર્ફે વિશાખાબેન તે રમણભાઈ જેરામભાઈ પટેલની પુત્રી તથા (૫) દિલીપ રમણભાઇ પટેલ ઓની** સંયુક્ત અને સંપુર્ણ માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા, ટાઇટલ કલીયર, બોજા મુક્ત અને માર્કેટેબલ, વહીવટ, સંચાલન, વપરાશની હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ કરવા માંગતા હોય, અને તે જમીનની વેચાણ કિંમત નકકી કર્યા બાદ બાના રકમ પણ ચુકવી આપેલ છે. તેથી ટુંક સમયમાં સંપુર્ણ અવેજ ચુકવી અમારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરનાર છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, ઇસમ, સંસ્થા યા બેંકનો કોઈપણ પ્રકારનો હક્ક-હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, કબજો, બોજો, ગીરોખત યા લીયન તેમજ અન્ય પ્રકારના કોઈપણ જાતના હક્ક અધિકાર સમાયેલ નથી. તેમ છતાં તેવા કોઈપણ પ્રકારના હક્ક અધિકાર સમાયેલા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ માં તે અંગેના લેખિત પુરાવાઓ સહિત અમારો રૂબરૂ સંપર્ક કરવો અને તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન જો કોઇના કોઇપણ પ્રકારના વાંધા વિરોધ નહી આવે તો મજકુર જમીનોમાં સદરહું જમીન માલિક સિવાય કોઇના કોઇપણ પ્રકારના હકકો રહેલ નથી અને હોય તો તે તમામ હકકો જતા કરેલ હોય એમ સમજવામાં આવશે. અને સદર મુદત વિત્યા બાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલી શકશે નહી. જેથી સદર જમીનના ટાઇટલ સંપુર્ણ રીતે કલીયર છે તેમ સમજી અમારા અસીલ સદર જમીનનો નકકી થયેલ શરતો મુજબ અને નકકી થયેલ અવેજ ચુકવી તેનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા.૦૮/૦૫/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગેલેરીયા, એકસીસ બેંન્કની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૯૭૨૩૮-૦૨૮૬૪
ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

-:: જાહેર નોટીસનો જાહેર ખુલાસો અને વળતી નોટીસ કમ ચેતવણી ::-

સુરત ડિસ્ટ્રીકટ **મજુરા** સબ-ડિસ્ટ્રીકટના મોજે **ભીમપોર**ના બ્લોક/સર્વે નં. **૧/૧** પૈકી, હાલ નવો રે.સ.નં. **૭૧/બ** પૈકી ૪ વાળી જમીન ઉપર આવેલ **"સર્વોદયનગર સહકારી ગૃહનિર્માણ મંડળી લી."**તરફથી આયોજીત **"સુદરમ વિભાગ(પૂર્વ)"** નામથી પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૯૦ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨૫.૪૬ ચો.મી. તેના પર કરવામાં આવેલ બાંધકામ વાળી મિલકત સંબધે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાન પત્રમાં તા. ૦૭/૦૫/૨૦૨૬ ના રોજ ખરીદનારના એડવોકેટશ્રી કિન્નરી એસ. પુરોહિતનાઓએ આપેલ જાહેર નોટીસ ખોટી અને પાઠાફેર છે.

મોજે **મોહણી**નો બ્લોક નં. **૩૧૨** વાળી જમીનનો **ધર્મેશભાઈ જયંતિલાલ ઇંટવાલા**નાઓ પાસેથી **સુધીરભાઈ મગનભાઈ પટેલ**નાઓએ વેચાણ દસ્તાવેજ નં. **૯૭૬/૨૦૨૩** નો કરાવેલ પરંતુ સદર જમીનના ટાઇટલ કલીયર ન હોય હમારા અસીલ વિધવાબાઈને છેતરી રજી. સાટાખત કરવાના બહાને લઈ જઈ વિધવાબાઈ પાસેથી **સુધીરભાઈ મગનભાઈ પટેલ**નાઓએ સીકયુરીટી પેટે ઉપરોકત મિલકતનો બોગસ વેચાણ દસ્તાવેજ કરેલ છે જે દસ્તાવેજ મુળથી જ શામ, નલ એન્ડ વોઈડ અવેજ વિનાનો દસ્તાવેજ છે સદર દસ્તાવેજ કેન્સલ કરવાની જવાબદારી ધર્મેશ લખુભાઈ પટેલે લીધેલી તેમ છતાં લખાણો કેન્સલ ન કરવી વિધવાબાઈની મિલકત પટાવી પાડવાનું ષડયંત્ર રચનાર તમામ વ્યકિતઓ વિરૂધ્ધ એટ્રોસીટી એકટ મુજબ ફરીયાદ પેન્ડીંગ છે સદર મિલકત અંગે હમારા અસીલે **સુધીરભાઈ મગનભાઈ પટેલ**ને વેચાણથી આપેલ નથી કે કોઈ વેચાણ અવેજ સ્વીકારેલ નથી સદર મિલકતમાં **સુધીરભાઈ મગનભાઈ પટેલ**નાઓનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો પહોંચતો નથી કે ચાલી આવેલ નથી તેમ છતાં જાહેર જનતાને ગેરમાર્ગે દોરવા હાલની વેચાણ અંગેની જાહેર નોટીસ ખોટી રીતે આપેલ છે જેથી સદરહું મિલકત અંગે હમારા અસીલની સહી સમંતિ વિના **સુધીરભાઈ મગનભાઈ પટેલના**ઓ સાથે કોઈપણ વ્યકિત કે સંસ્થાએ કોઈપણ જાતના નાંણાકીય વ્યવહારો કે લખાણો કરવા કરાવવા નહી તેમ છતાં વ્યવહાર કરશે તો નાણાં ગુમાવવાનો વારો આવશે અને ટાઇટલ પ્રાપ્ત થશે નહિ અને તે હમારા અસીલને બંધનકર્તા રહેશે નહી બલ્કે કોર્ટ પ્રકરણમાં સંડોવાવું પડશે અને વ્યવહાર કરનાર કરાવનાર વિરૂધ્ધ હમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરશે જેની ગંભીર નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની બાજુમાં અઠવાગેટ, સુરત. મોબાઈલ : ૯૮૨૫૮ ૯૨૯૧૯
મુકેશ એસ. પટેલ
એડવોકેટ

જુની શરતની ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જીલ્લા ના ઓલપાડ તાલુકાના મોજે ગામ બરબોધન ના રે.સ.નં. ૨૧, બ્લોક નં. ૪૩ થી નોંધાયેલી કુલ્લે સુમારે હે. ૦ – ૫૮ આરે ૬૮ ચો.મી. જુની શરતની ખેતીની જમીન પૈકીની ૩૫૭૦.૦૦ સ.ચો.મી. વણવહેંચાયેલા માલીકી હકક, હીસ્સાની ખેતીની જમીન, ગુલામનબી ગોરૂમીયા મન્સુરી, રહેવાસી : ૭૪, દિલદાર નગર, ઓલપાડ, જી. સુરતનાએ પોતાની કુલ, સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી અને કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી, સદરહું ૩૫૭૦.૦૦ સ.ચો.મી. વણવહેંચાયેલા માલીકી હકક, હીસ્સાની જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેન્કના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત સબંધ, દર–દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય યા કોઈના ઈઝમેન્ટના હકક અધિકાર હોય તો તેવી વ્યકિત, બેન્ક કે સંસ્થા યા હિત ધારકોએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન–૧૦ માં લેખીત દસ્તાવેજી પુરાવાઓ સહિત અમો નીચે સહિ કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત સબંધ, દર–દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર નથી અને હોય તો વેઈવ કરેલ હોવાનું માની લઈ, મારા અસીલ સદરહું જમીનનો પાકા વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં, જેની સ્પષ્ટ નોંધ લેશોજી...

અમારી સુચના અને ફરમાયશથી સહી/– ગુલામનબી ગોરૂમીયા મન્સુરી

ઠે. એફ–૧૯, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત. મો. નં. ૯૧૦૪૫ ૬૨૫૦૬
એ. એ. બંગલી તે ખરીદનારના એડવોકેટ

જાહેર નિવિદા નં- ૪૮(સુધારો) સને ૨૦૨૫-૨૬
માર્ગ અને, મકાન વિભાગ,ગુજરાત રાજય

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨,પેહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા-જુદા પેટા વિભાગ ના કુલ ૧૭ કામો જેની અંદાજીત રકમ ૧૮.૭૫ લાખ થી ૨૪.૪૦ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૭-૦૫-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય ટેન્ડર રદ કરવાની સતા અત્રેના વિભાગની આબાધિત રહેશે.

કાર્યપાલક ઇજનેર
વલસાડ(મા×મ)વિભાગ,
વલસાડ

નં. માહિતી/વલસાડ/સુ/૭૭/૨૦૨૬

જાહેર નિવિદા નં- ૦૧(સુધારો) સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨,પેહેલો માળ,વલસાડ-૩૯૬૦૦૧, ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા જુદા જુદા પેટા વિભાગ ના જંગલકટીંગ/નાળા પુલો સફાઈ કુલ ૦૯ કામો જેની અંદાજીત રકમ ૬.૪૭ લાખ થી ૨૦.૯૧ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૨-૦૫-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાદિત રહેશે.

નં, માહિતી/વલસાડ/સુ/૭૬/૨૦૨૬

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન
લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, વેસુ-ડુમસ રોડ, સુરત.

જાહેર ટેન્ડરની નોટીસ

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમમાં સ્વીમીંગપુલ ની આજુબાજુના વિસ્તાર માટે "રીસ્ટોરેશન" (મોડીફીકેશન) કરાવવાનું હોય રસ ધરાવનાર અનુભવી આર્કિટેક / ઈન્ટીરીયર ડિઝાઈનર પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે.

૧. ટેન્ડર ફી - રૂા. ૩૦૦૦/- (નોન રીફન્ડેબલ)
૨. ટેન્ડર લઈ જવાની તારીખ ૦૯-૦૫-૨૦૨૬ થી ૧૮-૦૫-૨૦૨૬
૩. ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૫-૦૫-૨૦૨૬ (સાંજે ૦૬:૦૦ સુધી)
૪. સમય : ૧૧ થી ૬ (રજાના દિવસ સિવાય)

સુરત.
તા.૦૯/૦૫/૨૦૨૬
(હિતેશ ડી. પટેલ)
સેક્રેટરી
ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ઓલપાડ, મોજે ગામ હાથીસાના **બ્લોક નં. ૫૭ તથા બ્લોક નં. ૫૮** વાળી બીનખેતીની રહેણાંક હેતુ માટેની જમીનમાં **''અંજની રેસીડન્સી''** નામની સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **બ્લોક નં. ૫૭ ના બી-ટાઈપ ના પ્લોટ નં. ૧૮** કે જેનું ક્ષેત્રફળ **૪૬.૬૩ ચો.મી** તથા રોડ-રસ્તા સી.ઓ.પીનું **૩.૪૯ ચો.મી** મળી કુલ્લે **૫૦.૪૨ ચો.મી** છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન તેના માલીક મુખત્યાર તથા પ્રત્યક્ષ કબજેદાર **મનોહરભાઈ સખારામભાઈ કેલાતકર તથા અંકિતકુમાર કનુભાઈ ટેલર**નાઓ ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકત અંગેના અગાઉના માલીક હિરેનકુમાર સન્મુખલાલ મહેતાએ રાહુલ વ્રજલાલ વલેચાના લાભમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજ નં. ૧૧૬૮૭, તા. ૨૯-૧૧-૨૦૧૩ ના રોજનો અસલ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશનની રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનુ જણાવી સદરહુ પ્લોટવાળી મિલકતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનુ જણાવી તમામ બોજા રહિત મારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. આમ સદરહુ પ્લોટવાળી મિલકતમાં અન્ય કોઈ પણ ઈસમનો કોઈ પણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, લાગભાગ, દરદાવો, મોર્ગેજ, ટાંચ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે સદરહુ પ્લોટવાળી મિલકતમાં કોઈનો કોઈ પણ પ્રકારનો હક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ ગણીને અમારા અસીલ સદર પ્લોટવાળી મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તે પછી કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા. ૦૮.૦૫.૨૦૨૬
ઠે. ૭૯, ગાંધી હાઉસ, નર્મદ નગર, આદર્શ ભવન પાસે, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૩૭૫૫ ૭૨૭૨૭.
ભૈરવ આર. ગાંધી
તે ખરીદનારના એડવોકેટ

-:- વેચાણ અંગેની જાહેર નોટીસ -:-

ડીસ્ટ્રીકટ સુરત, સભ-ડીસ્ટ્રીકટ, **તાલુકા - પલસાણા** ના **મોજે ગામ : સીયોદ** ના **સર્વે નંબર : ૧૨/૧ બ્લોક નંબર : ૪૨** ની પોતીની જમીન જેનું ક્ષેત્રફળ **હે-આરે-૦-૮૩-૬૭** ચો.મી. વાળી જમીનના માલિકો **(૧) દીલીપભાઈ લલ્લુભાઈ રાઠોડ (૨) ચંપકભાઈ લલ્લુભાઈ રાઠોડ (૩) જયેશભાઈ લલ્લુભાઈ રાઠોડ,** તમામ રહેવાસી : મેઇન રોડ, મોજે ગામ - ભૂતપોર, તા. પલસાણા, જિ. સુરતનાઓયો પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. મજકુર જમીન ઉપર કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે સહકારી બેંકોનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, લીયન, ચાર્જ, બોજો યા ઇઝમેન્ટનો હક્ક હોય તો દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સાથે મને જાણ કરવી. મુદત વિત્યે તેવી જાણ કરવામાં નહી આવે તો મારા અસીલ તેનો અવેજ ચુકવી કાયદેસરના પાકા લખાણો કરાવી લેશે. જેની પાછળથી કોઇની કોઇપણ તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ :
૨/૪૬૪૬, થોભાશેરી, સગરામપુરા, સુરત.
મો. નં. ૯૮૨૫૧-૨૧૯૬૨
ભદ્રેશ ડી. એન્જીનીયર
તે ખરીદનારના એડવોકેટ

જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીક સુરત સીટી, તાલુકો : ઓલપાડ મોજે ગામ : સાયણ, જેનો બ્લોક નં.૧૮૯/અ વાળી બિનખેતીની રહેઠાણના હેતુસરની જમીન કે જેનું ક્ષેત્રફળ ૨૧,૯૯૯ ચો.મી., આકાર રૂા.૩૨.૦૦ પૈસા છે તે જમીન પૈકી ઉત્તર દિશા તરફની ૯૯૦૦ ચો.મી. ખુલ્લી જમીન પૈકી વણ વહેંચાયેલ હિસ્સા સહિતની ૨૯૧૫ ચો.મી. ખુલ્લી જમીનની માલિકી અમારા અસીલ (૧) જયેશભાઈ જયંતિભાઈ પાંભર અને (૨) પિન્ટુભાઈ પરસોતમભાઈ પણસારા ની કાયદેસરના કબજા–ભોગવટામાં ચાલી આવેલ છે. જેની માલિકી અંગેનો અસલ વેચાણ દસ્તાવેજ નં. ૧૯૬૪/૨૦૧૮ અમારા અસીલથી ક્યાંક મુકાઈ ગયેલ. તે અસલ વેચાણ દસ્તાવેજ ભાવુબેન રાજુભાઈ વણોદિયાએ તા. ૦૬/૦૫/૨૦૨૫ ના રોજ અમારા અસીલને ફોન કરી ખોટી ઈબારતો જણાવી બ્લેકમેઈલ કરી જમીન હડપ કરવાનો અશુધ્ધ ઈરાદો વ્યકત કરેલ. ત્યારબાદ તે બાબતે આ ભાવુબેન રાજુભાઈ વણોદિયાએ ચોક બજાર પોલિસ સ્ટેશનમાં તા. ૨૧/૦૩/૨૦૨૫ ના રોજ ફરીયાદ કરેલ. જે ફરીયાદ આ ભાવુબેન રાજુભાઈ વણોદિયાએ પોલિસે તપાસમાં માંગણી કરેલ 'સાદા કાગળમાં કબજા સહિતના વેચાણ ખત'' એફ.એસ.એલ. માં મોકલવા માટે માંગણી કરેલ હોવા છતાં આપેલ ન હોય તે બાબતે તપાસના કામે ચોક બજાર પો. સ્ટે. ડા. એન્ટ્રી નં. ૩૨/૨૦૨૫, કઃ૨૧/૩૦, તા.૧૮/૦૮/૨૦૨૫ થી તા. ૨૧/૦૮/૨૦૨૫ થી સ્ટે. ડા. એન્ટ્રી નં. ૪૨/૨૦૨૫, કઃ૨૨/૩૦ થી નોંધ કરવામાં આવેલ. જેથી ભાવુબેનની ફરીયાદ તા. ૨૨/૦૮/૨૦૨૫ ના રોજ ફાઈલે કરવામાં આવેલ. અમારા અસીલે ભાવુબેન રાજુભાઈ વણોદિયા અને તેમની સાથે કાવતરા કરનાર ઇસમો વિરૂદ્ધ રાજકોટ તાલુકા પોલિસ સ્ટેશનમાં તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજ ફરીયાદ કરેલ છે. ભાવુબેન રાજુભાઈ વણોદિયાએ નામદાર સુરતની સિવિલ કોર્ટમાં સ્પે.દિ.મુ. નં. ૧૫૬/૨૦૨૫ થી દાવો દાખલ કરેલ છે. જે દાવો પેન્ડિંગ છે. અમારા અસીલને જાણવા મળેલ છે કે ભાવુબેન રાજુભાઈ વણોદિયા તકરારી જમીન અન્ય ત્રાહિતને વેચાણ કરવાની પેરવી કરી રહેલ છે. જેથી ઉપરોકત તકરારી જમીન ખરીદવા ઈચ્છુક વ્યકિતને જમીન બાબત તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થાય તેમ નથી. જેથી જાહેર જનતાને સત્ય હકીકત જાહેર થાય તે ઈરાદાથી આ જાહેર નોટિસ આપેલ છે. જેથી સદર જમીન અંગે અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ શખ્સ સાથે કોઈએ કોઈપણ પ્રકારનાં લખાણ કે વ્યવહાર કરવા નહી. તેવા કૃત્યો કે વ્યવહાર કરનારને સદર મિલ્કત અંગે કોઈપણ પ્રકારનાં હકક, અધિકાર કે કબ્જો મળશે નહી. તેમજ અમારા અસીલની જાણ બહાર અમારી જમીન અંગે વ્યવહાર કરનાર કે કરાવનાર સામે દિવાની તેમજ ફોજદારી રાહે કાનુની તકરારો સિવાય કશુ પ્રાપ્ત થશે નહી. સદર જમીન અંગે અમારા અસીલનાં જે હકક છે, તે કાયમી રહેશે. તારીખ : ૦૯/૦૫/૨૦૨૬

ઓફિસ : ૨૨૫, ટાઈમ્સ વર્લ્ડ કોમ્પલેક્ષ, અલથાણ કેનાલ રોડ, એટલાન્ટા શોપીંગ સેન્ટરની સામે, સુરત.
વિનોદ જે. રાણા
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ–ડિસ્ટ્રીકટ, **મોજે બરબોધન** ના રેવન્યુ સર્વે નં. ૧૯૬/૧+૨૬, **બ્લોક નં. ૪૨૪** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૧–૩૯–૬૨ ચો.મી. યાને **૧૩૯૬૨ ચો.મી.** છે. જેનો આકાર રૂા.૧૩.૮૧ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન **૧. નરેશભાઈ ભગવતીભાઈ, ૨. પ્રવિણભાઈ ભગવતીભાઈ, ૩. અનિલભાઈ ભગવતીભાઈ, ૪. જશુબેન મુકેશભાઈ ભગવતીની વિધવા, ૫. મીતાબેન મુકેશભાઈ, ૬. નિમીષાબેન મુકેશભાઈ, ૭. જીગીષાબેન મુકેશભાઈ, ૮. જીમી મુકેશભાઈ, ૯. મેહુલ મુકેશભાઈ, ૧૦. કલ્પેશકુમાર ગમનભાઈ સિધ્ધપુરીયા, ૧૧. રાજેશભાઈ ગમનભાઈ સિધ્ધપુરીયા** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું જમીનના સંયુકત અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો કે લીયન / ચાર્જ કે ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા / રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો, લીયન/ચાર્જ, ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં–વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯/૦૫/૨૦૨૬
સરનામું : એ–૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ, લવ એન કેર હોસ્પિટલ પાસે, તારવાડી, રાંદેર, સુરત. મો. 90162 34004
નીતીન જે. ગોરસીયા
તે અસીલના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ મિલકતોનો અગાઉના ઓરીજીનલ દસ્તાવેજની રજીસ્ટ્રેશન પાવતીઓ તેના અગાઉના માલિકથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ મિલકતો બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે દર દાવો કે લેણુ હોય કે અગાઉના ઓરીજીનલ દસ્તાવેજની રજીસ્ટ્રેશન પાવતીઓ હોય તો દિવસ–૭માં અમારી રૂબરુ રજુ કરવુ નહિતર મુદ્દત વિત્યે મજકુર મિલકતો ઉપર કોઈનો હક, હિત, વિ. નથી અને તમામ ટાઈટલ કલીયર છે તેમ માનીને હમારા અસીલને સદરહુ મિલકત અંગે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી આપવામાં આવશે. ત્યારબાદ કોઈની તર–તકરાર વાંધો ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

: મિલકતની વિગત :

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડીસ્ટ્રીકટ નામોજે ગામ–પાલી ના સ.નં.૫૭/૧, બ્લોક નં.૫૩ થી નોંધાયેલ જમીન જેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૪૭ તથા ૪૮ કે જે દરેકનું ક્ષેત્રફળ: ૫૮.૫૩ ચો.મી. મળી કુલ્લે : ૧૧૭.૦૬ ચો.મી. વાળી મિલકતો.

પ્લોટ નંબર	દસ્તાવેજ નંબર અને તારીખ	ગુમ થયેલ દસ્તાવેજની વિગત	ખરીદનારનું નામ
૪૭	૫૧૮૭, તા. ૨૭–૦૫–૧૯૯૨	રજીસ્ટ્રેશન પાવતી	દર્શન રામચંદ્ર નાયક
૪૮	૫૧૮૮, તા.૨૭–૦૫–૧૯૯૨	રજીસ્ટ્રેશન પાવતી	વિભુતી પિનાકીન નાયક

તા. ૦૮.૦૫.૨૦૨૬
ઓફિસ : ૩૧૪, ૩૧૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ, બીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત. મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦. ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.
રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે રીતેશ ઉર્ફે રમેશકુમાર મોતીભાઈ દેસાઈના એડવોકેટસ

મોજે ગામઃ ભાણોદરાનાં સર્વે નં. ૮૫/૨બ, બ્લોક નં. ૧૫૭ થી નોંધાયેલી બિનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસીન મોજે ગામ : ભાણોદરાના ખાતા નં. ૧૮૫૧, સર્વે નં. ૮૫/૨બ, બ્લોક નં. ૧૫૭, ટી.પી.સ્કીમ નં. ૪૪, ફાયનલ પ્લોટ નં. ૧૩૯ થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેનું ઓરીજીનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૦૦૧૬–૦૦ ચો.મી. તથા ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૦૧૦–૦૦ ચો.મી. છે તે બીનખેતીની જમીન કે જેનો આકાર રૂા. ૩૯૦૭–૦૦ પૈસા છે. તે બીનખેતીની જમીન (૧) હિમાંશુ ગિરીશચંદ્ર વાંસિયા, (૨) અમર મહેશકુમાર દેસાઈ, (૩) સમીરા અમર દેસાઈ નાઓએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની હોવાનું જણાવી અને સદરહું જમીનના તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ ઈસમનો લાગભાગ, હકક, હીત, હિસ્સો સંબંધ, લીયન, બોજા યા ખોરાકી પોષાકીનો હકક, દાવા દુવીના પ્રકરણો, હુકમનામું, ચાર્જ, અધિકાર કે વાંધા હોય કે સદહું જમીન વેચાણ કરવા સામે કોઈપણ રીતનો વાંધો–વિરોધ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને જાણ કરવી. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, દર–દાવા, બોજો, સંબંધ કે કબજો નથી, તેમ ગણી મારા અસીલ પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહીતના લખાણો કરાવી લેશે અને ત્યારબાદ પાછળથી કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ : જી–૧, અલ રઉફ એપાર્ટમેન્ટ, રાવણતાડ, રૂસ્તમપુરા, સુરત. મો. નં. ૯૮૭૦૦ ૬૪૭૦૮
ગુલામહૈદર જી. શેખ તે ખરીદનારના **એડવોકેટ**

મહેરબાન સુરતના સ્મોલ કોઝ જજ સાહેબશ્રીની કોર્ટમાં

જિલ્લા ન્યાયાલય રૂમ નં.૭૧૬, સાતમા માળે, નવી કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

સ્મોલ દિવાની મુકાદમા નં.૩૫/૨૦૨૩

વાદી :- સંકેતભાઈ કેશવભાઈ કેમીસ્ટ, ૫/૪૮૨, લાલશેરી, હરીપુરા, સુરત.

વાદીના વકીલશ્રી એસ.એસ.વસાવા

વિરૂધ્ધ

પ્રતિવાદી :- મર્હુમ ઠાકોરભાઈ છોટાલાલ દલાલના વારસદારો
૨. સુનિલભાઈ ઠાકોરભાઈ દલાલ
૩. કિશોરભાઈ ઠાકોરભાઈ દલાલ
૪. અનીલાબેન ઠાકોરભાઈ દલાલ
૫. કિર્તીબેન ઠાકોરભાઈ દલાલ
૫/૪૬૩, કલજુગ મહોલ્લો, હરીપુરા, સુરત.

:: જાહેર સમન્સ ::

આ દાવાનાં વાદીએ ઉપરોકત નંબરનો દાવો નામદાર કોર્ટમાં તમો પ્રતિવાદી દાવો રૂા.૧૮૦૦/-ના આંકથી ડેકલેરેશન તથા કાયમી તાકીદ માટે કરેલો છે. તમોને સદર દાવામાં જણાવેલ તમામ સરનામે નામદાર કોર્ટમાં પ્રોસેસો બેલીફ મારફત બજાવવા જતાં પ્રોસેસો તમોને બજતા નથી જેથી તમોને દૈનીક પેપર દ્વારા નામદાર કોર્ટના પ્રોસેસની બજાવણી જાહેર રીતે કરવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તારીખ ૧૧ મી માહે જૂન સને ૨૦૨૬ રાખવા આવેલ છે. જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલશ્રી મારફતે સવારે ૧૧.૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર ઉપરોકત નંબરના દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશોજી. આજ તારીખ ૦૭-૦૫-૨૦૨૬ માહે મે, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
સહી/- (જે.એમ.દેસાઈ)
આસીસ્ટન્ટ સ્મોલ કોઝ કોર્ટ, સુરત

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર
સહી/- (વાય.એલ.પડાયા)
હેડ કલાર્ક સ્મોલ કોઝ કોર્ટ, સુરત

હુકમથી
સહી/- (પી.કે.દેસાઈ)
રજીસ્ટ્રાર સ્મોલ કોઝ કોર્ટ, સુરત.

"જાહેર નોટીસ"

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત તેના માલીક **શબ્બીરભાઈ ઈમરાનભાઈ રંગવાલા**નાઓએ પોતાની કુલ, સ્વતંત્ર, સંપૂર્ણ માલીકી અને કબજા વહીવટમાં ચાલી આવેલ હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. અને હમારા અસીલ ભવિષ્યમાં સદરહુ મિલકત અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેના મજકુર માલીક કનેથી કરાવી લેનાર છે. પરંતુ શબ્બીરભાઈ ઈમરાનભાઈ રંગવાલાના અસલ દસ્તાવેજ જે મહે.સુરતના નાનપરા સબ રજી. ખાતે દસ્તાવેજ નં.૪૭૮૧/૨૦૧૩ જે તા.૦૬/૦૬/૨૦૧૩ ના રોજ નોંધાયેલ છે તે દસ્તાવેજ તથા ઈન્ડેક્ષની નકલ અને રજીસ્ટ્રેશનની પહોંચ ગેરવલ્લે થયેલાનુ જણાવેલ છે.

મજકુર મિલકત તેના માલીક હરકોઈ વ્યકિત, બેંક કે નાણાકીય સંસ્થાને જામીનગીરીમાં આપેલ નથી કે સદરહુ મિલકત ઉપર કોઈચાર્જ કે બોજો કે લીયન નથી કે સદરહુ મિલકત હરકોઈને હરકોઈ પ્રકારના કરારથી કે માલીકીપણાં માંથી તબદીલ કરેલ નથી તેવું જણાવેલ છે. અને સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનો ભરોસો અને વિશ્વાસ આપેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો હોય તો તેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસ્ધિધ થયાની તારીખથી દિન–૭ માં હમોને જાણ કરવી. તેમાં કસુર થયેથી મુદ્દત વિત્યાથી સદરહુ મિલકતમા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો કે હકકહિસ્સો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની હમારા અસીલો મજકુર માલીક કનેથી સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત ચાલશે નહિ જેની લાગતા વળગતા સર્વેએ ખાસ નોંધ લેવી.

મિલકતની વિગત

ડીસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તા.સીટી, શહેર સુરતના નવાપુરા, કુંભારવાડ, બસરાઈ મોહલ્લામાં સીટી સર્વે વોર્ડ નં.૩, નોંધ નં.૪૭૨ થી નોંધાયેલી મિલકત જેનું ક્ષેત્રફળ ૧૮૭.૦૦ ચો.વાર યાને ૧૫૬.૩૫.૬૧ ચો.મી. વાળી જમીન ઉપર બાંધવામા આવેલ ઈમારતના ત્રીજા માળે આવેલ ફલેટ નં.૩૦૨ જેનું ક્ષેત્રફળ સુમારે ૪૫.૧૬ ચો.મી. છે. તે મિલકત તથા સદર જમીનમા રહેલ ૨૬.૦૬ ચો.મી. વાળી જમીનનો વણવહેચાયેલ પ્રમાણસરના હિસ્સા સહિતની ફલેટવાળી મિલકતને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત દરોબસ્ત.

(તા.૦૯/૦૫/૨૦૨૬)
સરનામું : ૫– અલ-મોહમદી એપાર્ટમેન્ટ, ઈન્દરપુરા બદ્રી રોડ, ઈટવાલા મસ્જિદ પાસે, સુરત. મો. ૯૮૯૮૨૯૯૭૧૯
અમારી મારફત,
જાવેદ એ. પરમાર
એડવોકેટ & નોટરી

"ન્યાય ના વિશાળ હિતમાં જાહેર ચેતવણી અને સાવધ રહેવાની નોટિસ"

આથી તમામ જાહેર જનતા, બેન્કો, સહકારી મંડળીઓ, ફાઈનાન્સ કંપનીઓ અને રજીસ્ટર કચેરીઓને આ જાહેર નોટિસ આપી સાવધાન કરવામાં આવે છે કે,

ડિસ્ટ્રીકટ સુરત મોજે પાલ, ટી.પી. સ્કીમ નં. ૧૦(પાલ), એફ.પી. નં. ૧૨૩ બ્લોક નં. ૨૭૬/૧, રે.સર્વે નં. ૨૯૫ વાળી બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ '' રાજ હર્ષ '' એપાર્ટમેન્ટમાં આવેલ નીચે મુજબના ફલેટો પૈકી (૧) ફલેટ નં. એ/૨૦૨, બીજો માળ, રાજ હર્ષ એપાર્ટમેન્ટ, પાલ, સુરત-અંજલી ઓમપ્રકાશ અવસ્થીનાઓ પાસેથી તેમજ (૨) ફલેટ નં. બી/૫૦૧, પાંચમો માળ, રાજ હર્ષ એપાર્ટમેન્ટ, પાલ, સુરત-સાંત સિંધ સતેન્દ્રવીર સિંઘ પાસેથી મિલકતનો સંપૂર્ણ અવેજ ચૂકવી ખરીદ કરેલ, જે મિલકતોના રજીસ્ટર માલિકોએ એકસંપ થઈ એકબીજાના મેળાપીપળામાં મારા અસીલને ઉપરોકત મિલકતો વેચાણ આપવાનું નક્કી કરી મિલકતનો પુરેપુરો અવેજ સ્વીકાર્ય બાદ ફકત ફલેટ નંબર બી/૫૦૧, પાંચમો માળ, રાજ હર્ષ એપાર્ટમેન્ટ, પાલ, સુરતનો જ વેચાણ દસ્તાવેજ કરી આપી ફલેટ નંબર એ/૨૦૨, બીજો માળ, રાજ હર્ષ એપાર્ટમેન્ટ, પાલ, સુરતનો વેચાણ દસ્તાવેજ ન કરી આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ હોય જે બાબતે સુરત શહેરના માનનીય પોલીસ કમિશનરશ્રી કચેરી ખાતે અરજી તેમજ વકીલશ્રી મારફત નોટિસ આપેલ તેમ છતાં ઉપરોકત માલિકો સદર મિલકત અન્યને ખોટી હકીકતો જણાવી વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય રીતે ટ્રાન્સફર કે એસાઈની કરે કરાવે તેવી તજવીજ-શકયતા રહેલી હોય જેથી ઉપરોકત બંને શખ્શો પાસેથી કોઈએ પણ નોટિસમાં જણાવેલ ફલેટો વેચાણ, બાનાખત કે ટ્રાન્સફર ડિડ, ગીરો મુકી લેતી-દેતી કરવી-કરાવવી નહીં તેમજ કોઈપણ પ્રકારના પાવર ઓફ એટર્નીના આધારે વહેવારો પણ કરવા નહીં કે અન્ય રીતે રાખવી રખાવવી નહીં કે તેના ઉપર કોઈ લોન કે ફાઈનાન્સ અથવા ધિરાણ આપવું નહીં તેમજ છતાં જો કોઈ શખ્શ કે સંસ્થા કે બેન્ક આ મિલકત અંગે કોઈ વહેવાર કરશે તો તે મારા અસીલના કાયદેસરના હકકોના બંધન કરતા રહેશે નહીં આવા વહેવાર કરનાર વ્યકિત પોતાના જોખમે અને ખર્ચે વહેવાર કરશે અને ભવિષ્યમાં થતી તમામ ફોજદારી તથા દિવાની કાર્યવાહી માટે જવાબદાર રહેશે તેમજ ખોટા હકક કરનાર સામે વળતી ફરિયાદ પણ દાખલ કરવામાં આવશે.

અક્ષય એ જાદવ તે હરિન મધુકર વાસા ના એડવોકેટ
ઓફીસ : પહેલો માળ, યુનુસ મેનોર, કોગ્રેસ ઓફિસની ઉપર, ગાંધીબાગ પાછળ, નાનપુરા, સુરત –૩૯૫૦૦૧ મો. ૯૫૧૦૩૩૧૩૬૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ભરૂચ ડીસ્ટ્રીકટ, હાંસોટ સબ-ડીસ્ટ્રીકટના ગામ મોજે સુણેવકલ્લા માં આવેલ જુના બ્લોક નં. ૧૨૮/૧, જેનો નવો બ્લોક નં. ૨૬૪, જેનું જરાયત ક્ષેત્રફળ હે.આર. ૦-૨૦-૦૬ ચો.મી. અને આકાર રૂા.૦-૮૫ પૈસા છે તથા જુના બ્લોક નં. ૧૨૯, જેનો નવો બ્લોક નં. ૨૬૭, જેનું જરાયત ક્ષેત્રફળ હે.આર. ૨-૫૭-૦૭ ચો.મી. અને આકાર રૂા.૧૪-૦૦ પૈસા છે તથા જુના બ્લોક નં. ૧૨૩/૨, જેનો નવો બ્લોક નં. ૨૨૭, જેનું જરાયત ક્ષેત્રફળ હે.આર. ૦-૩૨-૦૫ ચો.મી. અને આકાર રૂા.૧-૭૫ પૈસા છે. જેનો ખાતા નં.૭૯૨ છે તે જુની શરતની ખેડખાતાની ખેતીની જમીનો, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની (૧) રમેશભાઈ મોહનભાઈ અને (૨) પ્રફુલ કંચનભાઈએ પોતાની સ્વતંત્ર અને સંયુકત માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી તથા સદરહુ ખેતીની જમીનોના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ ખેતીની જમીનો ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખીત વાંધા પુરાવાઓ સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહું ખેતીની જમીનો અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતાં યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ ખેતીની જમીનોનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં. જેની તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

મોજે સીસોદ્રા (ગણેશ, તા. જી. નવસારીની બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, મોજેઃ સીસોદ્રા (ગણેશ), તા. જી. નવસારીના બ્લોક/સર્વે નંબર-૧૯૬૧, સીટી સર્વે શીટ નંબર-એનએ૯૯, સીટી સર્વે નંબર-એનએ૧૯૬૧, ક્ષેત્રફળ ૨૬૩૦.૦૦ ચોરસ મીટર વાળી બીનખેતીની જમીન સુરેશભાઈ જોઈતારામ પટેલ, રહે-૭૦, શાલીગ્રામ બંગલો, નેશનલ હાઈવે-૪૮, શીતલ હોટલ પાછળ, કબીલપોર, નવસારી ૩૯૬૪૨૪ નાની સ્વતંત્ર માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલને તેઓ વેચાણ કરવા માંગતા હોય જેથી સદરહું બીનખેતીની જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહું બિનખેતીની જમીનમાં કોઈનું કોઈપણ પ્રકારે બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ બીનખેતીની જમીનનાં માલિક હમારા અસીલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

(સુરેશભાઈ જોઈતારામ પટેલ)
તા. ૦૭-૦૫-૨૦૨૬
હમારા અસીલની સુચનાથી,
અજય આર. ગાંધી (એડવોકેટ)
૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, નવસારી. મો.: ૯૮૨૫૦૯૯૦૮૬

મોજે ડુમસરે.સ.નં. ૭૭૭ થી નોંધાયેલ વાળી જમીનના બાબતે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી લાગતાવળગતા તમામને આ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ, મોજે ડુમસ રે.સ.નં.૭૭૭,કે જેનું ક્ષેત્રફળ આશરે ૮૪૯૮.૩૬ ચો.મી. યાને કે ૧૦૧૬૪.૦૫ ચો.વાર ચાલી આવેલ છે તે પૈકી જમીનના માલિક તરીકે ભીખાભાઈ દયાળભાઈ ભગત, ડાહીબેન ભીખાભાઈ ભગત વિગેરેનાઓ ચાલી આવેલ. જે સદરહુ જમીન વેચાન દસ્તાવેજ થી તેઓનાએ એક કેતનકુમાર દિનેશચંદ્ર નાયક નાઓને વેચેલ. જે સદર જમીન મારા અસીલ નામે દિપકભાઈ રમેશચંદ્ર સેવક નાઓએ સદર જમીનનો સાતાખત કેતનકુમાર દિનેશચંદ્ર નાયક ની પોતાની મરજીથી કરાવી આપેલ છે. જેથી સદર જમીનના માલિક કેતનકુમાર દિનેશચંદ્ર નાયક તેઓના હિસ્સાની જમીનનો પોતાની મરજી મુજબ મારા અસીલ દિપકભાઈ રમેશચંદ્ર સેવકનાઓને સાતાખત કરી આપેલ છે. હાલમાં મારા અસીલને જાણ થયેલ છે કે, સદરહુ જમીન અન્ય લોકોને ટાઈટલ કરી ત્રાહીત ઈસમોને વેચાણ કરવા ફરી રહેલ છે, જેથા જો કોઈ વ્યક્તિ ઉપરોકત જણાવેલ જમીનનો કોઈ પ્રકારનો વ્યવહાર કરશે-કરાવશે તો કશુ પ્રાપ્ત થશે નહીં જેની સ્પષ્ટપણે જાહેર જનતાને આ નોટીસ દ્વારા જાણ તથા ચેતવણી આપવામા આવે છે, સદરહુ ઉપરોક્ત દર્શાવેલ જમીન બાબતે મારા અસીલકોઈ પણ પ્રકારના ગેરકાઈદેસર વ્યવ્હાર કરનાર-કરાવનાર વિરૂધ્ધ મારા અસીલ ફોજદારી તથા દીવાની રાહે કાર્યવાહી કરશે તે નક્કી જાણશો અને તેમાં થતા તમામ ખર્ચ તથા પરીણામની જવાબદારી પણ જે તે ઈસમોની રહેશે. જેની ગંભીરપણે નોંધ લેવી.

તા.૦૯–૦૫–૨૦૨૬
સ્થળઃ સુરત
મારી સુચનાથી
હર્ષેલ કમલેશકુમાર રાવલ
તે દિપકભાઈ રમેશચંદ્ર સેવક ના એડવોકેટ
સ્થળઃ ૪૦૪, કેનોપસ, ઘોડદોડ રોડ, સુરત. મો.૭૦૯૬૯૭૩૪૨૦

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, જિલ્લો : સુરત, તાલુકોઃ મજૂરાના મોજે ગામ : ડુમસના સર્વે / બ્લોક નંબર : ૫૯ થી નોંધાયેલી ખેતીની જમીન કે જેનું સુમારે જરાયત ક્ષેત્રફળ ૬૦૭૦-૦૦ સમ ચોરસ મીટર છે તેમજ પોત ખરાબાનું સુમારે ક્ષેત્રફળ ૧૦૧-૦૦ સમ ચોરસ મીટર મળી કુલ્લે ૬૧૭૧-૦૦ સમ ચોરસ મીટર ક્ષેત્રફળની જમીન, જેનો આકાર રૂા. ૧૧-૦૬ પૈસા છે, જેને ટી. પી. સ્કીમ નં. ૮૧ (ડુમસ) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં. ૪૦ ફાળવવામાં આવેલ છે તે જમીન પૈકી વણવહેંચાયેલા નિમે યાને અડધા હિસ્સાની ૭/૧૨ મુજબ સુમારે ક્ષેત્રફળ ૩૦૮૫-૫૦ સમ ચોરસ મીટર તથા ફાઈનલ પ્લોટના ક્ષેત્રફળ મુજબ સુમારે ૨૦૦૫-૫૦ સમ ચોરસ મીટર જમીનના તેના ગામ દફતરે ચાલી આવેલા માલિકો પ્રેમીલાબેન રામુભાઈ આહિર, વસુબેન ભીખુભાઈ આહિર, પદમાબેન રામુભાઈની પુત્રી તે જયેશભાઈની પત્ની, પ્રવીણભાઈ રામુભાઈ આહિર, નીરૂબેન રામુભાઈની પુત્રી તે ઠાકોરભાઈની પત્ની, શશીકાંત રામુભાઈ આહિર, જયેશભાઈ રામુભાઈ આહિર, કિતિકાબેન ભીખુભાઈની પુત્રી અને પ્રકાશભાઈ આહિરની પત્ની, ધીરેનભાઈ ભીખુભાઈ આહિર, અંકિતાબેન ભીખુભાઈની પુત્રી અને પ્રકાશભાઈ આહિરની પત્ની, પદમાબેન તે રમેશભાઈ રામુભાઈ આહિરની વિધવા પોતે જાતે તથા સગીર દીપ રમેશભાઈ આહિરના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર તરીકે, પૂર્વિકા તે રમેશભાઈ રામુભાઈ આહિરની પુત્રી તથા આનંદકુમાર આહિરની પત્ની, નિકીતા તે રમેશભાઈ રામુભાઈ આહિરની પુત્રી તથા અજય આહિરની પત્ની, પાયલ રમેશભાઈ આહિર તથા કિંજલ રમેશભાઈ આહિરે પોતાની માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ જમીન મારા અસીલને તમામ બોજારહિત તથા તમામ કિલયર અને માર્કેટેબલ ટાઈટલથી વેચાણ આપવા નક્કી કરેલ છે. તેથી સદર જમીનમાં જે કોઈ વ્યક્તિ યા સંસ્થાનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, કબજાનો, સાટાખતના યા બીજા કોઈ રીતના હક્ક હોય તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈ પણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ, દરદાવો, સાટાખતના કે બીજી કોઈ રીતનો હક્ક નથી અને હોય તો તે છોડી દીધા છે તેમ ગણી મારા અસીલો વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

ભૈરવ આર. ગાંધી તે ખરીદનારના એડવોકેટ
ઠેકાણું : ૭૯, નર્મદનગર સોસાયટી, આદર્શ ભવન હોલ પાસે, અઠવાલાઈન્સ, સુરત. મો. ૯૩૭૫૫-૭૨૭૨૭.

ગામ મોજે : ભરથાણા–વેસુ, 'સોમેશ્વર એન્કલેવ' માં આવેલ સમ્રાટ ટાઈપના આવાસ નં. એસ/૮૦ (મંજુર પ્લાન મુજબ બી–૫૮) વાળી રહેણાંકના હેતુવાળી મિલકતની
વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, તા.મજુરા, શહેર સુરતના **મોજે : ભરથાણા–વેસુ** ના જુના **રે.સર્વે નં.૧૧૦, ૧૧૧ તથા ૧૧૨, નવો બ્લોક નં.૭૧, ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ), ફા.પ્લોટ નં.૧૩૭ તથા ૧૩૮ તથા ટી.પી.સ્કીમ નં.૨ (વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧** વાળી જમીનમાં **રત્નપ્રભા કો.ઓ.હા. સોસાયટી લિ.** તરફથી આયોજીત તથા બાંધકામ કરેલ **'સોમેશ્વર એન્કલેવ'** માં **ટી.પી.સ્કીમ નં.૨ (વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧** માં **સમ્રાટ** ટાઈપના **આવાસ નં. એસ/૮૦** (મંજુર પ્લાન મુજબ **બી–૫૮**) જેનું **ક્ષેત્રફળ ૧૮૮.૧૨ ચો.મી.** છે, જેનુ મ્યુનિ. દફતરે વપરાશનું ક્ષેત્રફળ **૧૪૧.૮૯ ચો.મી.** છે, અને બાંધકામનું ક્ષેત્રફળ **૨૪૫.૨૫૬ ચો.મી.** છે તે જમીન અમલા ઈમારત સહિત તથા તેમાં આવેલ ફીકચર્સ, ફીટીંગ્સ તથા ઈલેકટ્રીક સર્વિસ વિગેરેના તમામ હકકો સહિત તેમજ સોસાયટીના શેર સર્ટી નં.૧૧૧, શેર નંગ–૫, અનુક્રમ નં.૫૫૧ થી ૫૫૫, તા.૧૬.૦૬.૧૯૯૫ ના શેર ટ્રાન્સફરના હકકો સહિતની મિલકત **(૧) પ્રજ્ઞેશ મનહરલાલ જરીવાલા, (૨) હેમેન્દ્ર મનહરલાલ જરીવાલા, (૩) ચિતેશ મનહરલાલ જરીવાલા** (રહે.૬૨, રણછોડજી પાર્ક સોસા.૧, કતારગામ, સુરત) નાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદીને પોતાની માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું તથા તેની ઉપર બેંક લોનની સંપૂર્ણ રકમ તેઓએ ભરપાઈ કરી દીધી છે, તેવું જણાવીને મારા અસીલ પાસેથી વેચાણના સોદા પેટેની રકમ સ્વીકારી છે. તે મિલકતમાં કોઈ વ્યકિત, પેઢી, સંસ્થા, અન્ય બેંક કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, ખોરાકી–પોષાકીના હકક, ઈઝમેન્ટના હકકો, સાટાખત, સોદાચીઠ્ઠી, કરાર, લખાણ, બોજા વિગેરે હોય યા વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, હરકત કે તકરાર વિગેરે હોય તો, તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં તે અંગેના લેખિત આધાર પુરાવા સહિત મને રૂબરૂ જાણ કરવી. મુદત વિત્યેથી તે મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો વિગેરે નથી, કોઈ વાંધો કે તકરાર નથી, અગર કોઈ હકકો વિગેરે હોય તો, તે તમામ વેવ યાને છોડી દીધા છે તેવું સમજીને મારા અસીલ સદરહુ મિલકતના શુધ્ધબુધ્ધિપુર્વકના ખરીદનાર હોવાનું માની રજી.વેચાણ દસ્તાવેજ કરી–કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, ફરિયાદ, વાંધો, દાવો વિગેરે ચાલશે નહી. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી. તારીખ : ૦૯/૦૫/૨૦૨૬

અજય એ. માવાવાલા (તે ખરીદનારના એડવોકેટ)
ઓફિસ : ૧૦૬ થી ૧૦૯, દલાલ ચેમ્બર્સ, બી. કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧
મો.૯૮૨૫૨ ૭૯૪૦૦ Mavawala Advo.